# ભાજપમાંથી સંજય જોશીનું રાજીનામું

નવી દિલ્હી,તા.૮

ભાજપની અંદર આંતરિક ખેંચતાણની સ્થિતિ દિન પ્રતિદિન તીવ્ર બની રહી છે. ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાથી રાજીનામુ આપવાની સંજય જોશીને ફરજ પાડવામા આવ્યા બાદ હવે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપમાથી પણ રાજીનામુ આપવા સંજય જોશીને ફરજ પાડી દીધી છે. સંજય જોશીએ ભાજપમાથી રાજીનામુ આપ્યા બાદ પક્ષ અધ્યક્ષ નીતિન ગડકરીએ સ્વીકાર કરી લીધો છે. ભાજપના પ્રવકતા પ્રકાશ જાવડેકરે કહ્યુ છે કે સંજય જોશીએ પાર્ટીમાંથી કાર્યમુક્ત કરવાની અપીલ કરી હતી. અને આ અપીલ ભાજપ અધ્યક્ષે સ્વીકારી લીધી છે. આ અગાઉ નરેન્દ્ર મોદીના વિરોધના કારણે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના નજીકી ગણાતા સંજય જોશીને ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાંથી રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. એમ માનવામા આવે છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને પક્ષના વરિષ્ઠ નેતા સંજય જોશી વચ્ચે તીવ્ર મતભેદ રહ્યા છે. અલબત્ત ભાજપે બંને વચ્ચે કોઈ મતભેદ હોવાનો ઈન્કાર કર્યો છે. થોડાક દિવસ પહેલા જ મુંબઈમાં ભાજપની કારોબારીની બેઠકમાં નરેન્દ્ર મોદીએ પહેલા ભાગ નહી લેવાનો નિર્ણય કર્યો હતો. ત્યાર બાદ સંજય જોશીને રાજીનામુ આપવાની ફરજ પાડવામા આવ્યા બાદ મોદી ભાજપ કારોબારીમા જોડાયા હતા. હાલમાં અમદાવાદ અને અન્ય શહેરોમાં સંજય જોશીના નામના પોસ્ટર અને હોર્ડીંગ મુકવામા આવ્યા હતા જેના કારણે ભારે વિવાદ થયો હતો. આ પોસ્ટરમા લખવામા આવ્યુ હતુ કે



નાના મનથી કોઈ વ્યક્તિ મોટી હોઈ શકે નહી. પોસ્ટરમા લખવામા આવ્યુ હતુ કે 'કહો દિલસે સંજય જોશી ફિરસે' આમા એમ પણ જણાવવામા આવ્યુ હતુ કે જોશીએ આ પોસ્ટરો મારફતે નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાના પ્રયાસ કર્યા હતા. અલબત્ત પોસ્ટરમાં કોઈપણ જગ્યાએ તેમના નામનો ઉલ્લેખ કરવામા આવ્યો ન હતો. દરમ્યાનમાં પક્ષના પ્રવક્તા રવિશંકર પ્રસાદે કહ્યુ હતુ કે શહેરોમાં મુકવામા આવેલા પોસ્ટરો અને બેનરો પક્ષ સાથે સંબંધિત ન હતી. જોશી અને મોદી વચ્ચે મતભેદ ખુબ પહેલાના છે. ભાજપના જનરલ સેક્રેટરી અને આરએસએસના પૂર્વ પ્રચારક જોશીએ પક્ષમાંથી કાર્યમુક્તિ આપવા રજૂઆત કરી હતી. જોશીએ કહ્યુ હતુ કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે મતભેદોના કારણે રાજીનામુ આપી રહ્યા છે. મોદીની આ બીજી જીત તરીકે પણ જોવામા આવે છે કારણ કે પાર્ટીમાં જોશીની કોઈ ભૂમિકા હોય તેમ મોદી ઈચ્છતા ન હતી. ભાજપની કારોબારીમાંથી જોશીએ જે રીતે રાજીનામુ આપ્યુ હતુ તેને લઈને સંઘ અને ભાજપમા વિભાજનની સ્થિતિ હતી. ભાજપ અને સંઘના મુખપત્રમાં બંને નેતાઓ સામે લખવામા આવ્યુ હતુ. ભાજપના મુખ પત્ર કમલ સંદેશમાં અને સંઘના મુખપત્રમાં મોદીની ઝાટકણી કાઢવામા આવી હતી. જ્યારે સંઘના અન્ય એક મુખપત્ર ઓર્ગેનાઈઝરમાં મોદીની તરફેણ કરવામા આવી હતી. મળેલી માહિતી મુજબ જોશી હવે આરએસએસના કાર્યકર તરીકે કામ કરે તેવી વકી છે.

## પુણે સેન્ટ્રલ જેલમાં ઈન્ડિયન મુજાહીદ્દીનના શખ્સની હત્યા

પુણે,તા.૮

આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહીદ્દીનના લીડર કતીલ સિદ્દીકીની



આજે સવારે પુણે નજીક યેરાવાડા સેન્ટ્રલ જેલમાં અતિ સુરક્ષા વ્યવસ્થા ધરાવતા અંધા સેલમાં હત્યા કરી દેવામા આવતા સનસનાટી મચી ગઈ હતી. મહારાષ્ટ્ર આતંકવાદ વિરોધી ટુકડીએ (એટીએસ) પુણેમાં વિશ્વ પ્રસિદ્ધ દગડુશેઠ ગણપતિ મંદિરમાં બોમ્બ પ્લાન્ટ કરવાના પ્રયાસ બદલ સિદ્દીકીની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેની આકરી પૂછપરછ કરવામા આવી હતી. ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૦ના દિવસે જ્યારે જર્મન બેકરીમાં પ્રચંડ બ્લાસ્ટ થયો ત્યારે આ શખ્સે દગડુશેઠ ગણપતિ મંદિરમાં બોમ્બ પ્લાન્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેલના અધિકારી એસવી ખટાઉકરે કહ્યુ હતુ કે આ બનાવ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ધરાવતી યેરાવાડા સેન્ટ્રલ જેલમાં સ્થિત અંધાસેલમા બન્યો હતો. મળેલી માહિતી મુજબ સિદ્દીકીની બે કેદીઓએ ગળુ દબાવીને હત્યા કરી દીધી હતી. શરદ મોહોલ અને આલોક ભાલેરાવ તરીકે ઓળખાયેલા આ બંને કેદીઓએ સિદ્દીકીની હત્યા કરી દીધી હતી. પુણેમાં તેની કસ્ટડીની અવધિ પૂરી થયા બાદ નવી દિલ્હીમાં તેને લઈ જવામા આવનાર હતો. તેની હત્યા કરવામા આવતા મહારાષ્ટ્ર પોલીસ પણ હચમચી ઉઠી છે. સિદ્દીકી ઈન્ડિયન મુજાહીદ્દીનના સક્રિય આતંકવાદ તરીકે હતો. તે અનેક બનાવોમાં સામેલ હતો. ઈન્ડિયન મુજાહીદ્દીન અમદાવાદ સહિત અનેક બ્લાસ્ટમાં સામેલ રહ્યો છે.

## ફિશ પ્રસાદમ દરમિયાન ભાગદોડમાં ૨૦ ઘાયલ

હૈદરાબાદ,તા.૮

'ફિશ પ્રસાદમ' ના વિતરણ દરમ્યાન આજે હૈદરાબાદમાં એકાએક મચી ગયેલી ભાગદોડમાં ૨૦ લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ મળ્યા છે. ફિશ પ્રસાદમ દવાને અસ્થમાના દર્દીઓ માટે ઉત્તમ ગણવામા આવે છે. અસ્થમાના દર્દીઓને આ દવાથી ખૂબ મોટી રાહત મળે છે. આ જ કારણસર આ દવા લેવા માટે પડાપડી થઈ જાય છે. પોલીસે આજે માહિતી આપતા જણાવ્યુ હતુ કે ઘાયલ થયેલા લોકો પૌકી પાંચ લોકોની હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા છે. આ



બનાવ શહેરના પરા વિસ્તારમાં આવેલા કાતેદન ખાતે બન્યો હતો. એ વખતે અસ્થમાના સેકડો દર્દીઓ ફિશ પ્રસાદમ નામની દવા લેવા કાઉન્ટર તરફ વળ્યા હતા. સવારમાં સ્પોર્ટસ કોમ્પલેક્સના દરવાજા ખોલી દેવામા આવ્યા હતા. દરવાજા ખોલતાની સાથે પડાપડી થઈ હતી. જે દરમ્યાન કેટલાક મોટી વયના દર્દીઓ અને નબળા દર્દીઓ જમીન પર પડી ગયા હતા. અને કેટલાક બેભાન થઈ ગયા હતા. પોલીસે કહ્યુ છે કે ઘાયલો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામા આવી છે. નવા સ્થળ ઉપર પૂરતી વ્યવસ્થા કરવામા તંત્રની સફળતા મળી ન હતી જેના લીધે આ બનાવ બન્યો હતો. નવુ સ્થળ એકઝીબીશન ગ્રાઉન્ડથી આશરે દસ કિલોમીટરના અંતરે સ્થિત છે. દર્દીઓને આ દવા આપવાથી ખુબ રાહત મળતી હોવાની માન્યતા છે. વેજીટેરિયન દર્દીઓ પણ આ દવાને લઈને વધારે ખચકાટ અનુભવ કરતા નથી.

## બદનક્ષી કેસમાં વી કે સિંહ વિરુદ્ધ સમન્સ જારી કરાયુ

નવી દિલ્હી,તા.૮

સેનાના ભૂતપૂર્વ વડા અને અન્ય ચાર સામે લેફ્ટ જનરલ (નિવૃત્ત) દ્વારા દાખલ કરવામા આવેલા ફોજદારી બદનક્ષીના કેસમાં વીકે સિંહ સામે આજે દિલ્હી કોર્ટે સમન્સ જારી કર્યુહતુ. અન્ય ચાર સામે ૨૦મી જુલાઈના દિવસે કોર્ટ ઉપસ્થિત થવા સમન્સ જારી કરવામા આવ્યુ છે. કોર્ટે પાંચમી માર્ચની અખબારી યાદી જારી કરવા સાથે સંબંધિત ફાઈલમાં અભ્યાસ કર્યા બાદ તેનો ચુકાદો અનામત કર્યો હતો. આ અખબારી યાદીમાં આક્ષેપ કરવામા આવ્યુ હતુ કે તત્કાલિન સેના વડાને ૧૪કરોડની લાંચની ઓફર કરવામા આવી હતી. સંરક્ષણ મંત્રાલયના અધિકારી આર સુંદર દ્વારા કોર્ટમાં રજૂ કરવામા આવેલી ફાઈલ બાદ વધુ તપાસ હાથ ધરવામા આવી છે. કોર્ટે બંધ બારણે નિવેદનની નોંધણી કરી છે. જેમાં જણાવવામા આવ્યુ હતુ કે રજૂ કરવામા આવેલા કેટલાક દસ્તાવેજો ખૂબ જ ગુપ્ત હતા. મેટ્રોપોલિટન



મેજીસ્ટ્રેટ જય થરેજાએ સેનાના ભૂતપૂર્વ વડા અને અન્ય સામે સમન્સ જારી કર્યા હતા. તેજીન્દ્ર સિંહે આક્ષેપ કર્યુ હતુ કે અખબારી યાદી જારી કરીને તેમને બદનામ કરવાના પ્રયાસ કરવામા આવ્યા હતા. વીકે સિંહ ઉપરાંત તેજીન્દ્ર સિંહે જે અધિકારીઓના નામ આપ્યા છે તેમાં વાઈસ ચીફ ઓફ આર્મી સ્ટાફ એસકે સિંહ, લેફટી જનરલ બીએસ ઠાકુર, મેજર જનરલ એસએલ નરસિમન અને લેફટી કર્નલ હિતેન સાવનીનો સમાવેશ થાય છે.

## બીસીસીઆઈના વડા એન શ્રીનિવાસન સામે સમન્સ જારી

હૈદરાબાદ,તા.૮

સમગ્ર દેશને હચમચાવી મૂકનાર વાયએસઆર કોંગ્રેસ વડા જગનમોહન રેડ્ડીના અપ્રમાણ સંપત્તિ કેસમાં સીબીઆઈએ તેની જાળને વધુ વિસ્તૃત બનાવી દીધિ છે. હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના વડા પણ સકંજામાં આવી ગયા છે. સીબીઆઈએ બીસીસીઆઈના વડા એન શ્રીનિવાસન સામે સમન્સ જારી કરી દીધું છે અને આગામી સપ્તાહમાં હૈદરાબાદ ખાતે તેની સમક્ષ હાજર થવા સૂચના આપવામાં આવી છે. સીબીઆઈએ દાવો કર્યો છે કે ઈન્ડિયા સીમેન્ટ લિમીટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકેના ગાળામાં આ કંપનીએ જગન પ્રમોટેડ કંપનીઓમાં રોકાણ કર્યું હતું અને વાયએસઆર શાસન પાસેથી જંગી નાણાં મેળવ્યા હતા. વાયએસઆરના શાસન દરમિયાન મોટાપાયે પાણીની ફાળવણી પણ મેળવી હતી. સીબીઆઈની ખાસ અદાલતે વાયએસઆર કોંગ્રેસના વડા જગનમોહન રેડ્ડીને આવરી લેતા અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં તપાસ સંસ્થા દ્વારા દાખલ કરવામાં આવેલી બીજી અને ત્રીજી ચાર્જશીટની સર્ટિફાઈડ કોપીમાં ચકાસણી કરવા અન્ય તપાસ સંસ્થા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (આઈડી)ને મંજૂરી આપી હતી. આઈડીને મંજૂરી આપવામાં આવ્યાના એક દિવસ બાદ સીબીઆઈએ હવે શ્રીનિવાસન



સાથે સમન્સ જારી કરી દીધું છે. કડાપ્પાના શાસદ જગનમોહન સામે પ્રવેન્સન ઓફ મની લોડરીગ એક્ટ (પીએમએલએ) અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ ઈડી અલગ અલગ કેસ દાખલ કરી ચૂકી છે. ઈડી દ્વારા નાણાંકીય લેવડ દેવડ અને મૂડીરોકાણમાં વિદેશી હુડિયામણ નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે કે કેમ તેમાં તપાસ કરવામાં આવી રહી છે. કોર્ટે ગયા મહિને ડીએ કેસમાં દસ્તાવેજો અને ચાર્જશીટની નકલ મેળવવા ઈડીની અરજીને મંજૂરી આપી હતી. પ્રથમ ચાર્જશીટની નોંધ લીધા બાદ આને મંજૂરી આપવામાં આવી હતી. સીબીઆઈએ હજુ સુધી ત્રણ ચાર્જશીટ દાખલ કરી છે જેમાં ૩૧મી માર્ચ, ૨૩મી એપ્રિલ અને ૭મી મેના દિવસે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જુદી જુદી બિઝનેસ કંપનીઓમાંથી જંગી મૂડીરોકાણ પોતાના બિઝનેસમાં લેવા બદલ આ ચાર્જશીટ દાખલ કરાઈ હતી. હવે ચાર્જશીટની ચકાસણી કરવામાં આવી રહી છે. કડપ્પાના સાંસદની પૂછપરછ કરવા ઈડી કોર્ટમાં એક અપીલ દાખલ કરે તેવી શક્યતા છે. જગનમોહન અને અન્યો દ્વારા ચલાવાતી જુદી જુદી કંપનીઓમાં નાણાંકીય લેવડ દેવડના સંબંધમાં પૂછપરછ કરાશે.

## ડિમ્પલ યાદવની કન્નોજમાંથી બિનહરીફ જીત નિશ્ચીત બની

લખનૌ,તા.૮

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવના પુત્રવધુ અને મુખ્યમંત્રી અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવની કન્નોજમાંથી બિનહરીફ જીત નિશ્ચીત બની છે. કારણ કે બે હળવા ઉમેદવારોએ પણ આજે ચૂંટણીમાંથી તેમના નામ પાછા ખેંચી લીધા છે. અપક્ષ ઉમેદવાર સજું કટીયાર ઉર્ફે સજું અને દશરથ શંખવરે ઉમેદવારી પરત ખેંચવાની અંતીમ તારીખના એક દિવસ પહેલા જ આજે સવારે તેમના નામ પાછા ખેંચી લિધા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ (કન્નોજ) સલવા કુમારીએ કહ્યું હતું કે બે ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધિ છે. ચૂંટણીમાં રિટર્નિંગ ઓફિસર તરીકે પણ ભુમિકા અદા કરી રહેલા સલવા કુમારીએ કહ્યું હતું કે ડિમ્પલની ચૂંટણીની સત્તાવાર જાહેરાત આવતીકાલે કરવામાં આવશે. જે બે ઉમેદવારોએ નામ પાછા ખેંચી લીધા છે તે બંને ઉમેદવાર ડિમ્પલ સામે જીતવાની સ્થિતીમાં ન હતા. આ બે ઉમેદવાર પણ ખસી જતા સમાજવાદી પાર્ટીમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. ડિમ્પલ સામે અગાઉ ભાજપ, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીએ પણ પોતાના ઉમેદવાર પાછા ખેંચી લીધા હતા. વર્ષ ૨૦૦૯માં યોજાયેલી ફિરોજાબાદની પેટાચૂંટણીમાં ડિમ્પલની કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ૩૫ વર્ષીય ડિમ્પલ સ્વતંત્રતા બાદ લોકસભા માટે બિનહરીફ તરીકે ચૂંટઈ આવનાર ૪૪મા ઉમેદવાર બની જશે. ૧૯૮૯ બાદ ડિમ્પલ કોઈપણ સ્પર્ધા વગર જીત મેળવનાર પ્રથમ અને સૌથી નાની વયના ઉમેદવાર બનશે.

## પ્રણવના કરકસરના પગલાંથી રૂપિયા ૧૦૦૦ કરોડની બચત

નવી દિલ્હી,તા.૮

નાણાંમંત્રી પ્રણવ મુખરજી દ્વારા તાજેતરમાં જ લેવામાં આવેલા કરકસરના પગલાંના પરિણામ સ્વરૂપે સરકારને ૮૦૦ કરોડથી લઈને ૧૦૦૦ કરોડ રૂપિયાની સીધી બચત થઈ ગઈ છે. પ્રણવ મુખરજીએ કરકસરના પગલાંના ભાગરૂપે પ્રધાનો અને અધિકારીઓના પ્રતિનીધી મંડળની વિદેશ યાત્રા ઉપર અંકુશ મૂકવાની જાહેરાત કરી હતી. સાથે સાથે યોજના અને બિનયોજના પોસ્ટની રચના ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો. નાણાંમંત્રાલયમાં એક વરિષ્ઠ અધિકારીએ આજે આ મુજબની જાહેરાત કરી હતી. આ આંકડો પ્રાથમિક અંદાજ ઉપર આધારિત છે. બિનયોજના ખર્ચ પર ૧૦ ટકાના કાપથી પણ સરકારને ૫૦,૦૦૦ કરોડથી વધુની બચત થાય તેવી શક્યતા છે. આ ફાયદાથી સરકારને ઓછી લોન લેવાની ફરજ પડશે. સાથે સાથે નાણાંકીય ખાદ્યના લક્ષ્યાંકને પહોંચી વળવામાં મદદ મળશે. છેલ્લા નાણાંકીય વર્ષમાં સરકારની નાણાંકીય ખાદ જીડીપીના ૫.૭ ટકા હતી. સબસીડી ઉપર ઊંચા ખર્ચ અને ઓછી મહેસૂલી આવકના લીધે આ સ્થિતિ સર્જાઈ હતી. આ વર્ષે સરકારે સબસીડીની મર્યાદા જીડીપીના બે ટકા સુધી રાખાનો નિર્ણય કર્યો છે. તેમનું કહેવું છે કે તેના ખર્ચમાં અંદાજિત કાપના અનુસંધાનમાં આ ટાર્ગેટને હાંસલ કરી શકાય છે. આ વર્ષે ઊંચી મહેસૂલી આવક પણ થવાની શક્યતા દેખાઈ રહી છે. યુટીલાઈઝેશન સર્ટિફિકેટ મળી ગયા બાદ જ ફંડ જારી કરવા તમામ મંત્રાલયોને નાણાંમંત્રીએ સૂચના આપી છે. આનાથી પણ ફાયદો થશે. વર્ષ ૨૦૧૨-૧૩ માટે કુલ ખર્ચ ૧૪.૯૦ લાખ કરોડનો અંદાજ રાખવામાં આવ્યો છે જે પૈકી વર્ષ ૨૦૧૨-૧૩ માટે યોજના ખર્ચ ૫.૨૧ લાખ કરોડ છે જ્યારે બિન યોજના ખર્ચ બજેટ ૯૦.૭૯ લાખ કરોડ છે. વર્ષ ૨૦૧૧-૧૨ માટે સુધારવામાં આવેલા અંદાજ કરતા આ આંકડો ૮.૭ ટકા વધારે છે. તમામ મંત્રાલયોને બિનયોજના ખર્ચમાં ૧૦ ટકા ફરજિયાત કાપ મૂકવા આદેશ કરાયો છે. નાણાંમંત્રીએ ખર્ચ ઉપર મર્યાદા અંગે માર્ગદર્શિકા સાથે આગળ વધવા સ્પષ્ટપણે કહ્યું છે.

## મુંબઈમાં એક ફ્લેટ ૩૯ કરોડમાં વેચાયો

નવી દિલ્હી,તા.૮

પ્રોપર્ટી માર્કેટમાં ઘટાડો થઈ રહ્યો છે પરંતુ દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં જમીનની કિંમત ઘટવા બદલે રેકોર્ડ ગતિએ વધી રહી છે. મુંબઈમાં ફરી એકવાર સમજૂતીનો નવો એક રેકોર્ડ સર્જાયો છે. મળેલી માહિતી મુજબ મુંબઈમાં સૌથી મોંઘી એપાર્ટમેન્ટ સમજૂતી થઈ છે. દક્ષિણ મુંબઈમાં નેપિયન સી રોડ પર રેસીડેન્ટલ સ્કાયરેપર ટહની હાઈટ્સમાં ૨૮મા માળાએ આવેલા ફલેટની કિંમતની રેકોર્ડ બોલી બોલાઈ છે. આની કિંમત સ્કેવર ફુટ ૧.૨૦ લાખ રૂપિયા બોલાઈ છે. ૩૩૨૦ સ્કેવર ફુટમાં બનેલા આ એપાર્ટમેન્ટની કિંમત ૩૯ કરોડ રૂપિયા રહી છે. ૪૦૦ સ્કેવર ફુટના પાર્કિંગ ગેરેજને આવરી લેતા આ એપાર્ટમેન્ટની કિંમત સાંભળીને મુંબઈના બિલ્ડરોમાં પણ ચર્ચાનુ મોજુ ફરી વળ્યુ છે. આ ફલેટના માલિક ભીમજી યાની પરિવારે એસકે જિન્દાલને આ સંપત્તિ વેચી દીધી છે. જિન્દાલ ડ્રગ્સ (એસકે જિંદાલ) પહેલાથી જ ટહની હાઈટ્સમાં ત્રણ એપાર્ટમેન્ટ ધરાવે છે. ભીમજી યાની પોતે રિયલ એસ્ટેટ ડેવલપર્સ છે અને આ લોકો હવે વરલી સી ફેસમાં નજર કરી રહ્યા છે. પ્રોપર્ટી માર્કેટમાં હાલ શાંતિ છે પરંતુ મુંબઈમાં કિંમતો ઘટાવાના બદલે સતત વધી રહી છે. ચાર મહિના અગાઉ જ ભારતના સૌથી અમીર હાઉસિંગ સોસાયટી કફી પરેડના જોલીમેકર-૧માં એક ફલેટની કિંમત પ્રતિ સ્કવેર ફુટ ૧૧ લાખ બોલાઈ હતી એ વખતે આ રેકોર્ડ હતુ. આવી જ રીતે ૨૫૯૦ સ્કવેર ફુટના કાર્પેટ વિસ્તારમાં ૨૧મા માળે સ્થિત આ ફલેટ ૨૯ કરોડ બોલાઈ હતી. જગવાની પરિવાર દ્વારા વેચી મારવામા આવ્યા બાદ આ સંપત્તિ અશોક પટનીએ ખરીદી લીધી હતી. અગાઉ વર્ષ ૨૦૧૦માં વરલી સમુદ્ર મહેલમાં ૩૬૦૦ સ્કેવર ફુટ ડુપ્લેક્ષ ફલેટમાં ૩૭.૨૫ કરોડ કિંમત બોલાઈ હતી.

## સાનિયા અને ભૂપતિની જોડી મિક્સ્ડ ડબલ્સમાં ચેમ્પિયન

પેરિસ,તા.૮

વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં ભારતના મહેશ ભૂપતિ અને સાનિયા મિર્ઝાની જોડીએ મિક્સ્ડ ડબલ્સ ટાઈટલ જીતી લેવામા સફળતા મેળવી છે. ભૂપતિ અને સાનિયા મિર્ઝાની જોડીએ મેક્સિકોના ગોંજાલએજ અને પોલેન્ડની ઈગ્નાસીકની જોડી પર ૭-૬



(૭-૩) ૬-૧થી જીત મળેવી હતી. મહેશ ભૂપતિ ડબલ્સમાં સૌથી સફળ ખેલાડી તરીકે ઉભરી રહ્યો છે. ભૂપતિને પુરુષોની ડબલ્સ અને મિકસ્ડ ડબલ્સમાં સૌથી સફળ ખેલાડી તરીકે ગણાવામા આવે છે. ભૂપતિએ પોતાના ૩૮માં જન્મ દિવસે શાનદારી જીત મેળવીને વિશેષ રીતે જન્મદિવસની ઉજવણી કરી હતી. ભૂપતિએ ભારતીય અભિનેત્રી અને ભૂતપૂર્વ મિસ યુનિવર્સ લારા દત્તા સાથે લગ્ન કર્યા હતા. લારા દત્તાએ હાલમાં જ બાળકીને જન્મ આપ્યો હતો. ભૂપતિની પુત્રી ચાર મહિનાની થઈ છે. અને તેનુ નામ સાઈરા રાખવામા આવ્યુ છે. ભૂપતિએ ૧૯૯૭માં પ્રથમ વખત રોલેન્ડ ગેરોસ ખાતે મિક્સ્ડ ડબલ્સ ટાઈટલ જીતવામા સફળતા મેળવી હતી. ભૂપતિ ગ્રાન્ડ સ્લેમ ટ્રોફી જીતનાર ભારતનો પ્રથમ ખેલાડી છે. વર્ષ ૨૦૦૬માં ભૂપતિએ કેરિયર ગ્રાન્ડ સ્લેમની સિદ્ધી મેળવી લીધી હતી. ભૂપતિએ પેરિસમાં બે સહિત પુરુષોની ચાર ડબલ્સ સ્પર્ધા પણ જીતી છે. સાનિયા મિર્ઝા અને ભૂપતિની જોડી એક સાથે ગ્રાન્ડ સ્લેમમાં ત્રીજી વખત પહોંચી છે.


विश्वास नो आधार....
NATURAL RESOURCES NRE ENVIRONMENT
NRE TMT
FOSROC Constructive Solution
Waterproofing Solution
અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
એવોર્ડ વિજેતા ૨૦૦૮-૨૦૧૦
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ - શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

THE CREATIVE DECORATORS OF THE CITY
॥ अभय ॥ FEEL FREE, BE FEARLESS
AD ABHAY DECORATORS
HIRERS, DECORATORS & EVENT ORGANISERS
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192,
Electronics Estate, B/h. Videocon Factory,
Sector-26, Gandhinagar
website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ